**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૮ જૂન, ૨૦૦૬)**

**(સમય : બપોરે ૧૨ : ૦૦ થી ૧ : ૩૦)** **સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૨** **(કુલ ગુણ : ૭૫)**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

**વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવેશ - આઠમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૩**

**પ્રશ્ન.૧. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૮ ગુણ)**

૧. ''ખુરશીઓ કઢાવી નખાવો તો પધરામણીમાં આવીએ.'' ૨૭
૨. ''અમારા ગામમાં કે સીમમાં કોઈને પણ જમ લેવા ન આવે.'' ૫૩
૩. ''ગંગારામ મલ્લ અને સુંદરજી સુતારને પણ આ વાત કરજે.'' ૩૩
૪. ''અમે જોયો છે ને ત્યાં દૂર પડ્યો છે.'' ૧૨

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** **(૬ ગુણ)**

૧. સચ્ચિદાનંદ સ્વામીને શ્રીજીમહારાજે વિમુખ કર્યા. ૫૮
૨. જાલમસિંહ બાપુના દરબારમાં દેહ મૂકનાર અક્ષરધામમાં જાય. ૬૩
૩. પ્રબોધિની એકાદશીનો દિવસ સંપ્રદાયમાં ખૂબ મહત્ત્વનો છે. ૪૧

**પ્રશ્ન.૩. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** **(૫ ગુણ)**

૧. સ્નેહભર્યા નયણે - કીર્તનમાં રજૂ થયેલ ઘનશ્યામ ને નીલકંઠનાં ચરિત્રનું વર્ણન (૭૧)
૨. જાલમસિંહ બાપુ (૬૨) ૩. મહારાજના પ્રભુ (૧૫)

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(૫ ગુણ)**

૧. સાચા ગુરુની પ્રાપ્તિ ક્યારે થાય છે ? ૨૫
૨. દુબળી ભટ્ટે કેટલી ગાંઠ છોડી ? ૩૪
૩. મહારાજે કાશીદાસને કેટલા મહિના ગઢડામાં રોક્યા ? ૩૦
૪. ઝમકુબા કોની સાથે વડનગર સુધી આવ્યાં ? ૫૧
૫. દેવજીભાઈનો દીકરો કોને અખંડ દેખતો હતો ? ૨૩

**પ્રશ્ન.૫** પ્રહ્લાદજીએ....... (૭૦) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. અથવા** **(૪ ગુણ)**

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૬ (૫૫) **નું નિરૂપણ લખો.**

**પ્રશ્ન.૬. નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** **(૧૦ ગુણ)**

૧. જીવ અનંતના ....... દેહ ધરી પ્રભુ. ૩૨
૨. ગંગા પાપં શશી તાપં ....... સન્તો મહાશયાઃ ॥ ૬૦
૩. નિર્વિકલ્પ ઉત્તમ .......... ધર્મકુમાર. ૧૯
૪. न ह्यम्मयानि ...... देव साधवः । ૬૦
૫. न ह्यम्मयानि ...... देव साधवः । ..... શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. ૬૦

**વિભાગ-૨ : શાસ્ત્રીજી મહારાજ - દસમી આવૃત્તિ, જૂન ૨૦૦૫**

**પ્રશ્ન.૭. નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૬ ગુણ)**

૧. ''આ તમારા સાધુઓ બહુ છક્યા છે.'' ૨૫
૨. ''પથ્થર હવે નહીં પડે, ઉપર ચડાવી દો.'' ૬૯
૩. ''તમારા સાધુ મારા છોકરાને બગાડે છે.'' ૧૩

**(પાછળ જુઓ)**

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૮ જૂન, ૨૦૦૬ પરીક્ષા : સત્સંગ પ્રવેશ-૨ માધ્યમ : ગુજરાતી સમય : બપોરે ૧૨ : ૦૦ થી ૧ : ૩૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૪૦૨**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :-

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :-

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** **(૬ ગુણ)**

૧. અદાશ્રીએ સ્વામીશ્રીને રાજકોટ તેડાવ્યા. ૬૩
૨. સ્વામીશ્રીને ગઢડાની જમીન મળી. ૮૬
૩. રણછોડભગતે યોગીજી મહારાજને અડસઠ તીરથવાળું કીર્તન ગાવવા કહ્યું. ૭૩

**પ્રશ્ન.૯. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** **(૫ ગુણ)**

૧. ઉપાધિની શરૂઆત (૪૦) ૨. દિવ્ય સમાધિ (૭૫) ૩. ગૃહત્યાગ (૧૬)

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(૬ ગુણ)**

૧. ઠાકોર સાહેબે રાધાકૃષ્ણની મૂર્તિઓ ક્યાં પધરાવવાનો આગ્રહ રાખ્યો ? ૬૭
૨. પ્રતિષ્ઠા પ્રસંગે વઢવાણ જતાં હરિભક્તોને સ્વામીશ્રીએ શું કહ્યું ? ૪૩
૩. હીરાભાઈ સત્સંગી થતાં ગોરધનભાઈએ શું કહ્યું ? ૫૬
૪. મોરલીધરદાસને અભાવ નીકળી જતાં ભગતજી શું બોલ્યા ? ૨૮
૫. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ વરતાલમાં શું કહ્યું ? ૬૧
૬. ડુંગરભાઈનાં માતાપિતાનું નામ શું હતું ? ૨

**પ્રશ્ન.૧૧. આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલ ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો.** **(૮ ગુણ)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. અટલાદરા મંદિરનો આદર ૮૦
(૧) ☐ મૂળુ મેતર અને કૃષ્ણ માળી રહેતા હતા તે જગ્યા પ્રસાદીની છે. (૨) ☐ હીરાભાઈ બોચાસણના મથુરભાઈ જેવા જ હતા.
(૩) ☐ તે પ્રસાદીની જગ્યા મળે તો મંદિર કરીએ. (૪) ☐ મગનભાઈએ તે જગ્યા સ્વામીશ્રીને અર્પણ કરી.

૨. સ્વામીશ્રીના હિતચિંતક કોઠારી ગોરધનભાઈ ૪૩
(૧) ☐ તમે હવે ડભોઈ રહીને સત્સંગ કરો. (૨) ☐ અહીંના સાધુઓ તમારું મૂળ ઉખેડી નાખવા તૈયાર થાય છે.
(૩) ☐ અહીંના સાધુઓને તમારો પ્રતાપ સહન થતો નથી. (૪) ☐ આ બધું ઓછું કરો તો ઠીક.

૩. શાસ્ત્રીજી મહારાજે કોને કોને સમાધિ કરાવી હતી ? ૭૪, ૭૬
(૧) ☐ યોગીજી મહારાજ (૨) ☐ નંદકિશોરદાસ (૩) ☐ રાધારમણપ્રસાદ (૪) ☐ નિર્ગુણદાસ સ્વામી

૪. કૃષ્ણજી અદાએ સ્વામીશ્રીને કરેલી વાત ૫૧
(૧) ☐ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં દેશકાળ અનુસાર વર્તવાની વાત કરી છે. (૨) ☐ આપે અહીં રહેવું જ નહીં.
(૩) ☐ તમારા કટકા કરી નાંખશે તો સાંધી દઈશ. (૪) ☐ વરતાલ મંદિરનો દરવાજો છોડશો નહીં.

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૬ ગુણ)**

૧. આસુરી ભાવવાળાએ સ્વામીશ્રીને મોટા ચૂલામાં જ ફેંકી દેવાની યોજના કરી. ૪૯
૨. શાસ્ત્રીજી મહારાજનો જન્મ ચાણસદ ગામે થયો હતો. ૨
૩. જાગા ભક્તે કહ્યું, ‘‘આ તો અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે.’’ ૩૦
૪. ગઢડા મધ્યના ૨૭મા વચનામૃતમાં સંતનાં લક્ષણ લખ્યાં છે. ૯૧
૫. વિશ્વનાથભાઈએ કહ્યું, ‘‘સ્વામીશ્રી ભાગવત સમજાવી શકે છે, તેવું કદાચ શ્રીધર પણ ન સમજાવી શકે.’’ ૮૨
૬. ગલા ભક્ત અને અક્ષરેશ સ્વામી ફૂલની જેમ પથ્થરો ફેંકી દેતા. ૬૯

**નોંધ : (૧) ઉપરોક્ત પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

**(૨) ‘સત્સંગ પ્રવેશ-૨’ પરીક્ષામાં આગળની ‘સત્સંગ પ્રારંભ’ પરીક્ષાની જે ટૂંકનોંધ પુછાતી હતી તે સન ૨૦૦૬ અને ત્યાર પછીથી પુછાશે નહીં અને તેના બદલે ‘સત્સંગ પ્રવેશ-૨’ પરીક્ષાનાં પુસ્તકોમાંથી જ પ્રશ્નો પુછાશે.**

❊ ❊ ❊